

Cadever Organ Donor Ashokbhai Lavajibhai Navadiya

# अंगदान से तीन को मिली नई जिंदगी

## सूरत में तीसरी बार हड्डियों का दान

सूरत @ पत्रिका

patrika.com/city

वराछा निवासी एक व्यक्ति को ब्रेन डेड घोषित किए जाने के बाद परिजनों ने अंगदान के साथ हड्डियों के दान का निर्णय कर तीन जनों को नया जीवन दिया। सूरत में पांच दिन में तीन ब्रेन डेड व्यक्तियों के अंगदान के साथ हड्डियों का दान हुआ है।



वराछा मानगढ़ चौक डायमंडनगर के पास गजेरा पार्क सोसायटी शिल्पा अपार्टमेंट निवासी अशोक लवजी नावडिया (43) को आठ मई को उल्टी-दस्त की तकलीफ के साथ आयुष अस्पताल में भर्ती कराया गया था। न्यूरो फिजिशियन डॉ. भद्रेश मांगुकिया ने एमआरआई करवाया, जिसमें दिमाग की एक नस में रक्त की गांठ होने का पता चला।

परिजनों को ऑपरेशन नहीं होने की जानकारी दी गई। डॉ. भद्रेश, न्यूरो सर्जन डॉ. हसमुख सोजित्रा और डॉ. पार्थिव देसाई ने दस मई को उन्हें ब्रेन डेड घोषित कर दिया। डोनेट लाइफ प्रमुख नीलेश मांडलेवाला ने परिजनों को अंगदान के बारे में समझाया।

परिजन दान के लिए तैयार हो गए तो उन्होंने अहमदाबाद आईकेडीआरसी के चिकित्सकों की टीम को बुला लिया। डॉ. जमाल रिजवी की टीम ने किडनी और लीवर का दान स्वीकार किया।

एक किडनी पाटण निवासी कमल मूलचंद केसारा (27), दूसरी किडनी सूरत निवासी राजेश कानाणी (43) और लीवर अहमदाबाद निवासी अनीश पंड्या (13) में ट्रांसप्लांट किया गया। आशुतोष अस्पताल के डॉ. राजीव राज चौधरी ने हड्डियों का दान स्वीकार किया, जबकि चक्षुओं का दान लोकदृष्टि चक्षु बैंक के डॉ. प्रफुल शिरोया ने स्वीकारा।

# शहर में हड्डीदान का तीसरा किस्सा

➢ ब्रेनडेड का किड़नी लिवर भी किया दान



**वीओटी संवाददाता**
**सूरत, 11 मई**

सूरत शहर में किडनी, लीवर एवं नेत्रदान के बाद अब हड्डीयों के दान को लेकर लोगों में जन जागरुकता देखी जा रही है। हड्डी के दान दाता की संख्या में दिन प्रतिदिन बढ़ोत्तरी हो रही है। वराछा रोड पर पटेल समाज के ब्रेन डेड अशोक नावड़िया के परिवार ने आज उनकी हड्डीयों का दान डोनेट लाईफ नामक संस्था को किया।

गुजरात में हड्डीयों का तीसरा दान आज सूरत में किया गया। पटेल समाज के ब्रेन डेड अशोक नावडिया के परिजनों ने किडनी, लिवर एवं नेत्र के साथ उनकी हड्डीयों का भी दान किया। उल्लेखनीय है कि गुजरात में हड्डीयों के दान को लेकर लोगों में जागरुकता की कमी थी। जिसकी वजह से लोग इसका महत्व नहीं समझ पा रहे थे, लेकिन अब किडनी, लिवर एवं नेत्र के साथ ही हड्डीयों के दान का चलन भी शुरु हो गया है।

## गुजरात में हड्डी के दान की तीसरी घटना



**लेउवा पटेल समाज के ब्रेनडेड अशोकभाई लवजीभाई नावडिया के परिवार ने किडनी, लीवर और चक्षुओं के साथ हड्डियों का दान कर मानवता की महक फैलायी व समाज को नई दिशा दिखायी**

[illegible]

**માનવતા** લેઉવા પટેલ સમાજના નાવડિયા પરિવારે સમાજને આપી નવી દિશા

# હાડકાંની બેંક મજબૂત બની : ૩ સેવાભાવી પરિવારે આપ્યું દાન

સુરતઃ લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ અશોકભાઈ છગનભાઈ નાવડિયાના પરિવારે કિડની, લીવર અને ચક્ષુઓની સાથે હાડકાઓનું દાન કરી માનવતાની મહેક પ્રસરાવી છે. ૮ મે ના રોજ અશોકભાઈને ઝાડા ઉલ્ટી થતા આયુષ આઈસીયુ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં તેમની નાના મગજની નસમાં લોહી જામી ગયું હોવાથી અને મગજની નસો બ્લોક થઈ ગઈ હોવાથી ઓપરેશન થઈ શકે તેમ ન હોવાનું ન્યુરોસર્જન ડૉ.હસમુખ સોજીત્રાએ જણાવ્યું હતું. ૧૦ મેના રોજ ડોક્ટરોએ અશોકભાઈને બ્રેનડેડ જાહેર કર્યા હતાં. જે અંગેની જાણ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાળાને કરવામાં આવી હતી. નિલેશભાઈએ અશોકભાઈના પરિવારના સભ્યોને સમજાવી અંગદાન કરવા માટે પ્રેરિત કર્યા હતાં. જેઓનું અંગદાન મળ્યા બાદ દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પાટણના ૨૭ વર્ષીય કમલ કંસારાને, બીજી કિડની સુરતના ૪૩ વર્ષીય રાજેશ કાનાણીને આપવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના ૧૩ વર્ષીય અનીશ પંડ્યાને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.

## ૧૨ વ્યક્તિઓને જીવનદાન અપાયું

સુરત શહેર ગુજરાતમાં ઓર્ગન ડોનેશનમાં અગ્રેસર છે ત્યારે શહેરની જાણીતી સંસ્થા ડોનેટ લાઈફ દ્વારા છેલ્લા પાંચ દિવસમાં ત્રણ બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગો દાન લેવામાં આવ્યા છે. કિડની, લીવર, ચક્ષુ, તથા હાડકાઓના દાન મેળવીને ૧૨ વ્યક્તિઓને નવું જીવન આપવામાં આવ્યું છે. ડોનેટ લાઈફના અધ્યક્ષ નિલેશ માંડલેવાળાએ જણાવ્યું હતું કે બ્રેઈનડેડ વ્યક્તિના પરિજનોની સાથે સમજણ કેળવીને ૬ કિડની, ૩ લીવર અને ૪ ચક્ષુઓનું દાન મેળવવામાં આવ્યું છે. ઉપરાંત ત્રણ બ્રેઈનડેડ વ્યક્તિઓમાં પાંસળી, જાંઘના હાડકાઓ અને ઘુંટણની નીચેના હાડકાઓનું દાન ગુજરાતમાં સૌ પ્રથમ વખત ડોનેટ લાઈફ દ્વારા મેળવવામાં આવ્યું છે. છેલ્લા પાંચ દિવસમાં બીજી વખત હાડકાઓનું દાન આશુતોષ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના ડૉ રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમ દ્વારા લેવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે જાંઘના હાડકાઓનું દાન લેવામાં આવ્યું હતું.

## કઈ રીતે ઉપયોગમાં લેવાય છે હાડકાં

ડોનેટ કરેલા હાડકાઓને ૭૦ ડિગ્રી ઉપર સ્ટોર કરી તેને મુંબઈમાં આવેલ ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં પ્રોસેસ કરવા મોકલવામાં આવે છે. પ્રોસેસ કરેલા હાડકાઓ ફરી આશુતોષ હોસ્પિટલમાં મોકલાય છે. જેનો ફ્રેક્ચરના કેસોમાં સૌથી વધુ ઉપયોગ કરાય છે. ઉપરાંત કેન્સરના દર્દીઓ અને હાડકાંના અન્ય ઓપરેશનોમાં ભારતમાં કોઈપણ હોસ્પિટલને જરૂર હોય ત્યાં મોકલાવવામાં આવે છે. જેને વધુમાં વધુ ૭ વર્ષ સુધી વાપરી શકાય છે

**માનવતા મહેંકી** નાવડિયા પરિવારના કિડની, લીવર, ચક્ષુ સાથે હાડકાઓના અંગદાનથી ત્રણ વ્યકિતઓને નવી જિંદગી મળી

# વરાછાના યુવકના અંગદાનથી ત્રણને નવજીવન

## પાંચ દિવસમાં ત્રણ વ્યકિતઓએ કર્યુ અંગદાન, અંગદાન જનજાગૃતિની અસર

હેલ્થ રિપોર્ટર, રિપોર્ટર

શહેરમાં અંગદાન પ્રત્યે લોકોમાં દિવસેને દિવસે જાગૃતિ આવી રહી છે. તેમાંય સૌરાષ્ટ્રવાસીઓમાં તેનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. જેના કારણે અનેક પીડિતોને નવજીવન મળી રહ્યું છે. આવો જ એક કિસ્સો ફરી જોવા મળ્યો છે. વરાછાના બ્રેનડેડ આધેડના પરિવારે કિડની, લીવર, ચક્ષુ સાથે હાડકાઓનું દાન કરી માનવતા મહેંકાવી હતી. આ સાથે ગુજરાતમાં હાડકાંના દાનનો આ ત્રીજો બનાવ છે.

વરાછામાં માનગઢ ચોક ખાતે આવેલ શ્રીજી એપાર્ટમેન્ટમાં રહેતા અશોક છગનભાઈ નાવડીયા (ઉ.વ ૪૩) એમ્બ્રોઈડરી સ્પેરપાર્ટસના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. દરમ્યાન ગત રવિવારના રોજ અશોકભાઈને ઝાડા-ઉલ્ટી થતા તેમને આયુષ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં એમ.આર.આઈ એન્જ્યો કરાવતા અશોકભાઈના નાના મગજની નસમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનુ બહાર આવ્યું હતું. નાના મગજની નસો બ્લોક થઈ જતા આ કેસમાં ઓપરેશન થઈ શકે તેમ ન હતું અને ગઈકાલે જ તેમને બ્રેનડેડ જાહેર કરાયો હતો. આ અંગેની જાણ થતા ડોનેટ લાઈફના નીલેશ માંડલેવાળાએ હોસ્પિટલ પહોંચી અશોકભાઈના પરિવારજનોને અંગદાન અંગેની માહિતી આપતા પરિવારજનો અંગદાન કરવા રાજી થયા હતા. પરિવારજનો તરફથી અંગદાનની અને હાડકાંના દાનની સંમતિ મળતા અમદાવાદની આઈ.કે.ડી.આર.સી ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો.પ્રાંજલ મોદીનો સંપર્ક કરી તેને કીડની, લીવર જ્યારે હાડકાનું દાન આશુતોષ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલના ડો.રાજીવ રાજને કરવામાં આવ્યું હતું. ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો.પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું. દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પાટણના રહેવાસી કમલ મુકુંદ કંસારા (ઉ.વ 27) માં અને બીજી કિડની સુરતના રહેવાસી રાજેશ કાનાણી (ઉ.વ ૪૩)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના રહેવાસી અનીશ પંડ્યા (ઉ.વ 13) માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ દિવસમાં શહેરમાં ત્રણ વ્યકિતઓએ અંગદાન કર્યું હતું. જે સુરતમાં અંગદાન અંગે જનજાગૃતિ વધી રહી છે તેની ગવાહી આપે છે. અંગદાન કરવા અંગે સૌરાષ્ટ્રવાસી પરિવારોમાં જાગૃતિ આવતા અન્ય લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સુરતના બ્રેઈનડેડ વ્યકિતના અંગોના દાનથી અનેકને નવજીવન મળ્યું

**વરાછાનાં** અશોકભાઈ નાવડીયાને ટૂંકી બિમારી બાદ બ્રેઈનડેડ જાહેર કરાતા તેમનાં પરિવારજનોએ કિડની, લિવર, ચક્ષુઓ ઉપરાંત હાડકાઓનું પણ દાન આપ્યું

સુરત, બુધવાર : સુરત શહેરમાં બ્રેઈનડેડ વ્યકિતઓના વિવિધ અંગોનું દાન કરીને અન્ય જરૂરીયાતમંદ દર્દીઓને નવજીવન આપવાની પ્રેરણાદાયી કાર્ય હવે દૈનિક પ્રવૃત્તિ બની ગયું છે. સુરતમાંથી વધુ એક બ્રેઈનડેડ વ્યકિત, વરાછાનાં અશોકભાઈ લવજીભાઈ નાવડીયાને ટૂંકી બિમારી બાદ બ્રેઈનડેડ જાહેર કરાતાં તેમનાં પરિવારજનોએ ડોનેટ લાઈફ સંસ્થાના સભ્યોની સમજાવટ સાથે કીડની, લીવર, ચક્ષુઓ ઉપરાંત હાડકાઓનું દાન કરીને અનેકને નવજીવન બક્ષ્યું છે.

વધુ વિગતો મુજબ ન્યુરોસર્જન ડો. આશિત દેસાઈએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અશોકભાઈના બ્રેનડેડ અંગોની માહિતી આપી. નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી અશોકભાઈના ધર્મપત્ની લાભુબેન, ભાઈ હિતેશ, ફુવાજી પરસોત્તમભાઈ, કાકા ડૉ. માધવજીભાઈ અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું. પરિવારજનો તરફથી અંગદાનની અને હાડકાનાં દાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ટ્રાન્સપ્લાન્ટ કો. ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જ્યારે હાડકાના દાન લેવા માટે આસુતોશ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરીને જણાવ્યું.



## કોણે કયા કયા અંગોનું દાન સ્વીકાર્યુ?

**અમદાવાદની** ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જાંઘના હાડકાઓનું દાન આસુતોશ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમે સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પાટણના રહેવાસી કમલ ગુલચંદ કંસારા ઉ.વ. ૨૭માં અને બીજી કિડની સુરતના રહેવાસી રાજેશ કાનાણી, ઉ.વ. ૪૩માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના રહેવાસી અનીસ પંડયા ઉ.વ. ૧૩માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईनडेड) किडनी, लिवर और हृदयदान . . . "

# વરાછાના બ્રેઈનડેડ અશોક નાવડિયાના કિડની હૃદય અને લીવર સાથે હાડકાનું પણ અંગદાન કરાયું

સુરત, તા. ૧૧

વરાછાના પાટીદાર યુવાન અને એમ્બ્રોઈડરીના સ્પેરપાર્ટસના વ્યવસાય સાથે સંકળાયેલા બ્રેઇન ડેડ જાહેર કરવામાં આવેલા અશોક નાવડીયાના બે કીડની અને એક લીવર દાનમાં આપવામાં આવતા ૧૩ વર્ષના કિશોર સહિત બે યુવાનોને નવજીવન મળ્યું છે. ડોનેટ લાઈફ દ્વારા કીડની, લીવર, હૃદય બાદ બ્રેઇન ડેડ દર્દીના હાડકાનું પણ દાન સ્વીકારતા કેન્સરના દર્દીઓ માટે હાડકાં મેળવવાનો નવો માર્ગ ખુલ્યો છે, ગુજરાતમાં હાડકા દાન કરવાનો આજે ત્રીજો બનાવ બન્યો હતો.



સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા ૧૫૨ કીડની, ૫૨ લીવર ૩ પેન્ક્રીઆસ, ચાર હૃદય, ૧૨૮ ચક્ષુઓના દાન મેળવીને નિલેશ માંડલેવાળાએ નાવડીયા પરિવારનો સંપર્ક કરી અંગદાન અંગે સમજ આપી હતી, પરિવાર તરફથી કીડની, લીવર ઉપરાંત હાડકાના દાન અંગે પણ સહમતી આપી સમાજમાં નવી પહેલ કરવામાં આવી હતી.

# બ્રેઈનડેડ અશોક નાવડિયાનાં હાડકાં અને અંગ દાન કરાયાં

સુરત : શહેરમાં અંગ અને હાડકાં દાન સામે આવી રહેલી જાગૃતિ વચ્ચે આજે માનગઢ ચોક વરાછા રોડ ખાતે રહેતા અશોકભાઈ નાવડિયાને બ્રેઈનડેડ જાહેર કરાતાં તેમના પરિજનોએ જાગૃતિ કેળવતા અંગ અને હાડકાંનું દાન કર્યું હતું. મૂળ ભાવનગરના ઉમરાળાના વતની અને સુરતમાં એમ્બ્રોઈડરી સ્પેરપાર્ટ્સના વ્યવસાય સાથે સંકળાયેલા અશોકભાઈ નાવડિયાને ગત તા. ૮મીના રોજ ઝાડા અને ઊલટી થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં વિવિધ તપાસ દરમિયાન તેમના નાના મગજમાં ગાંઠ હોવાનું જણાઈ આવ્યું હતું. અને તબીબો દ્વારા ઓપરેશન શક્ય નહીં હોવાનો રિપોર્ટ અપાયા બાદ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા.

આ દરમિયાન હોસ્પિટલ દ્વારા ડોનેટ લાઈફનો સંપર્ક કરાતા નિલેશ માંડલેવાળા અને તેમની ટીમે પરિજનોને અંગદાન માટે સમજાવ્યા હતા અને પરિવાર સહમત થયો હતો. અશોકભાઈ લવજીભાઈ નાવડિયાના પરિવારમાં પત્ની લાભુબેન તેમજ બીબીએના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી પુત્રી પૂર્વિ અને ધો. ૮માં ભણતા પુત્ર જેનિશે પણ અશોકભાઈના અંતિમ સંસ્કાર સાથે અંગો બળી જાય એના કરતાં અન્યની જિંદગી બચાવે એ માટે તૈયાર થયા હતા.

# બ્રેઈનડેડ બે શખ્સોના અંગ-ચક્ષુદાનથી અન્યોને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, બુધવાર

સુરતના વેડરોડ અને વરાછાના શખ્સોના અંગદાન-હાડકાના દાનથી અન્યોને નવજીવન મળ્યું છે. પાંચ દિવસમા સુરતમાં હાડકાનું પણ દાન કરાયું હોય તેવો ત્રીજો પ્રસંગ બન્યો હતો.

## વરાછાના અશોકભાઈ નાવડીયા અને વેડ-ડભોલીના કોકિલાબેન સોનાણીને પરિવારે સ્વજનના અંગોનું દાન કર્યું

વરાછા માનગઢ ચોક પાસે ગજેરાપાર્ક સોસાયટીમાંશીલા એપાર્ટમેન્ટમાં રહેતા અશોક લવજીભાઈ નાવડીયાને નાના મગજની નસો બ્લોક થઈ ગયા બાદ ડોક્ટરે બ્રેન્ડડજાહેર કર્યા હતા. તેના પરિવારે તેમનાં અંગદાનનો નિર્ણય લઈ ડોનેટ લાઈફને અંગદાન કર્યું હતું.

તેમની એક કિડની પાટણના કમલ મુળચંદ કંસારા (ઉ.વ.૨૭) અને બીજી કિડની સુરતના રાજેશ કાનાણી (ઉ.૪૩)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ. લીવર અમદાવાદના અનીશ પંડ્યા (ઉ.૧૩)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું કિડની લીવર સિવાય ચક્ષુ અને હાડકાનું પણ દાન આપ્યું હતું. સુરતમાં પાંચ દિવસમાં આ પ્રકારનું ત્રીજુ અંગદાન ડોનેટલાઈફને મળ્યું છે. જ્યારે વેડરોડ ડભોલી ચાર રસ્તા પાસે હરીશમૂર્તિ કોમ્પલેક્ષમાં રહેતા ૪૫ વર્ષીય કોકિલાબેન ઘનશ્યામભાઈ સોનાણીને રજી મે એ માથાનો દુઃખાવો થતા વોમિટ થતાં હોસ્પિટલ ખસેડાયા હતાં. જ્યાં મોયા-મોયા રોગનું નિદાન બાદ તબીબોએ ૭મી મે એ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતાં.

સોનાણી પરિવારે કોકિલાબેનની કીડની, લીવર, આંખો અને હાડકાંનું ડોનેટ લાઈફને દાન કર્યું હતું. કોકિલાબેનની એક કિડની અમદાવાદના ૬૨ વર્ષીય ગ્રેયસ પંડ્યા અને બીજી કિડની જુનાગઢના ૧૪ વર્ષીય પ્રશાંત વિશાનાગરામાં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. લીવર પાલિતાણાનાં ૨૮ વર્ષીય માલસુર હેતુભાઈ ખુમાણમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. દાનમાં લેવાયેલા જીવના હાડકાંનો પ્રોસેસ બાદ ઉપયોગ કરાશે.

# છેલ્લા પાંચ દિવસમાં ત્રણ બ્રેનડેડ વ્યક્તિઓના કિડની, લીવર, ચક્ષુ અને હાડકાઓના દાન મળ્યા

**સુરતમાં કેડેવર ઓર્ગન ડોનેશન અને હાડકાં ના દાન અંગે વધી રહેલી જનજાગૃતિ**



■ સુરત, તા. ૧૧

[illegible]

# લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ યુવાનનું કિડની, લીવર અને ચક્ષુઓની સાથે હાડકાંઓનું દાન કરાયું

## ગુજરાતમાં હાડકાના દાનનો એક જ સપ્તાહમાં ત્રીજો બનાવ



સુરત તા. ૧૧

એમ્બ્રોઇડરીના સ્પેરપાર્ટસના વ્યવસાય સાથે સંકળાયેલા અને ૩૦૨, શીલ્પા એપાર્ટમેન્ટ, ગજેરાપાર્ક સોસાયટી, ડાયમંડ નગરની બાજુમાં, માનગઢ ચોક, વરાછા રોડ ખાતે રહેતા અશોકભાઇ લવજીભાઇ નાવડીયા (ઉ. વ. ૪૩, મૂળ રહે. ઉમરાળા ; જિ. ભાવનગર)ને ગત ૮ તારીખે સાંજે સખત ઝાડા-ઉલ્ટી થતા આયુષ આઇસીયુ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં એન્જીયો કરાવતા નાના મગજની નસમાં લોહીનો ગઠ્ઠો જામી ગયાનું નિદાન થયું હતું ( નાના મગજની નસો બ્લોક થઇ ગઇ હતી) ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાને કન્સલ્ટ કરતા તેઓએ આ કેસમાં ઓપરેશન થઇ શકે તેમ નથી તેમ જણાવ્યું હતું. મંગળવાર તા. ૧૦ મેએ તેમને બ્રેનડેડ જાહેર કરાતા ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઇએ ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અશોકભાઇના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી અશોકભાઇના ધર્મપત્ની લાભુબેન, ભાઇ હિતેશ, ફુવાજી પરસોત્તમભાઇ, કાકા ડૉ. માધવજીભાઇ અને પરિવારના અન્ય સભ્યોને અંગદાન અને હાડકા દાનની પ્રવૃત્તિની જાણકારી આપી સમજવતા કુટુંબીજનોએ સંમતિ આપી હતી. દાનમાં મેળવવામાં આવેલી અશોકભાઇની એક કિડની પાટણના રહેવાસી કમલ મુલચંદ કંસારા (ઉ. વ. ૨૭) અને બીજી કિડની સુરતના રહેવાસી રાજેશ કાનાણી (ઉ. વ. ૪૩)ને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના રહેવાસી અનીશ પંડ્યા (ઉ. વ. ૧૩)ને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાત માંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઇફ દ્વારા ૧૫૨ કિડની, ૫૨ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૪ હ્રદય અને ૧૨૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૩૯ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે. છેલ્લા પાંચ દિવસમાં ત્રીજી વખત હાડકાંઓનું દાન આસુતોશ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમ દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં જાંઘના હાડકાઓનું દાન લેવામાં આવ્યુ હતુ.



# યુવકની જિંદાદીલી : અંગદાન કરી ત્રણને વ્યક્તિને આપ્યું નવજીવન

સુરત, તા.૧૨

શહેરમાં અંગદાન પ્રત્યે લોકોમાં દિવસેને દિવસે જાગૃતિ આવી રહી છે. તેમાંય સૌરાષ્ટ્રવાસીઓમાં તેનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. જેના કારણે અનેક પીડિતોને નવજીવન મળી રહ્યું છે. આવો જ એક કિસ્સો ફરી જોવા મળ્યો છે. વરાછાના બ્રેનડેડ આધેડના પરિવારે કિડની, લીવર, ચક્ષુ સાથે હાડકાઓનું દાન કરી માનવતા મહેંકાવી હતી. આ સાથે ગુજરાતમાં હાડકાંના દાનનો આ ત્રીજો બનાવ છે. વરાછામાં માનગઢ ચોક ખાતે આવેલ શીલ્પા એપાર્ટમેન્ટમાં રહેતા અશોક લવજીભાઇ નાવડીયા (ઉ.વ ૪૩) એમ્બ્રોઇડરી સ્પેરપાર્ટસના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

દરમ્યાન ગત રવિવારના રોજ અશોકભાઇને ઝાડા-ઉલ્ટી થતા તેમને આયુષ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં એમ.આર.આઇ એન્જ્યો કરાવતા અશોકભાઇના નાના મગજની નસમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું બહાર આવ્યું હતું. નાના મગજની નસો બ્લોક થઇ જતા આ કેસમાં ઓપરેશન થઇ શકે તેમ ન હતું અને ગઇકાલે જ તેમને બ્રેનડેડ જાહેર કરાયો હતો. આ અંગેની જાણ થતાં ડોનેટ લાઇફના નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી અશોકભાઇના પરિવારજનોને અંગદાન અંગેની માહિતી આપતા પરિવારજનો અંગદાન કરવા રાજી થયા હતા.



# વધુ એક બ્રેઇન ડેડ વ્યક્તિના અંગોના દાન થકી ત્રણ લોકોને નવી જીંદગી સાંપડી

## અશોકભાઇ નાવડીયાના લીવર, કીડની, ચક્ષુઓ તથા હાડકાનું દાન કરાયું

સુરત, તા.૧૨

રવિવાર તા. ૦૮ મે, ૨૦૧૬ના રોજ અશોકભાઇ ને ઝાડા-ઉલ્ટી થતા તેમને સાંજે ૦૮:૩૦ કલાકે આયુષ આઇ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ન્યૂરોફીજીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યારબાદ એમઆરઆઇ એન્જીઓ કરાવતા નાના મગજની નસમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હતો તેવું નિદાન થયું હતું ( નાના મગજની નસો બ્લોક થઇ ગઇ હતી) ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાને કન્સલ્ટ કરતા તેઓએ આ કેસમાં ઓપરેશન થઇ શકે તેમ નથી તેમ જણાવ્યું હતું.

મંગળવાર તા. ૧૦ મે, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ડૉ. આશિત દેસાઇ, ન્યુરોફીજીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયા અને ડૉ. પાર્થીવ દેસાઇએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા. ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઇએ ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અશોકભાઇના બ્રેનડેડ અંગેની માહિતી આપી. નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી અશોકભાઇના ધર્મપત્ની લાભુબેન, ભાઇ હિતેશ, ફૂવાજી પરસોત્તમભાઇ, કાકા ડૉ. માધવજીભાઇ અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું. અશોકભાઇના ધર્મપત્ની લાભુબેન અને પરિવારના અન્ય સભ્યો જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. તદઉપરાંત નીલેશ માંડલેવાલાએ તેઓને હાડકાંના દાન માટે સમજાવતા જણાવ્યું હતું કે, જો તેઓ હાડકાંનું પણ દાન કરશે તો આ હાડકાંઓ કેન્સરના દર્દીઓ અને હાડકાંના બીજા અન્ય દર્દીઓને મદદરૂપ થશે. ત્યારે પરિવારજનોએ જણાવ્યું કે આવા દર્દીઓને ક્વોલીટી લાઇફ મળે તે માટે શરીરના જે કોઇ પણ અંગોનું દાન થઇ શકતુ હોય તે માટે આપ આગળ વધો. પરિવારજનો તરફથી અંગદાનની અને હાડકાંના દાન ની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જ્યારે હાડકાંના દાન લેવા માટે આસુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનાડૉ. રાજીવ રાજ ચૌધરીને જણાવ્યું. અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જાંઘના હાડકાંઓનું દાન આસુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનાડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમે સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું. દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પાટણના